# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

**CIN: U40102GJ2003SGC042908;**

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : **forum.pgvcl@gebmail.com**; વેબસાઈટ : **www.pgvcl.com**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૮/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ 1364-3 તારીખ : ૨૧-૦૩-૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રીનાથ એન્ટરપ્રાઈઝ

નવો રીંગ રોડ, "ગોંડલ નેસ્ટ", સનફ્લેમ સ્કુલની બાજુમાં ,

મું. પો. : કાંગશીયાળી , તા. : લોધિકા , જી. : રાજકોટ ,

પીન કોડ. : ૩૬૦૦૨૪

મોબાઈલ : ૯૮૭૯૬૧૭૬૩૬

વિષય : ટેમ્પરરી જોડાણ માટે ૩૦ દિવસ સુધી અંદાજપત્ર ન મળવા અંગે .

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૦૧-૦૩-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૮/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ ગ્રામ્ય.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પારડી.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૮/ક્વા-૪/૨૨-૨૩/ 1366 - 3 તા. 21 - 03 - 2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૮/ક્વા-૪/૨૨-૨૩, તા.૦૧-૦૩-૨૦૨૩

અરજદાર : શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, ગામ: કાંગશીયાળી

રજૂઆત કરનાર : અરજદાર હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ ગ્રામ્ય

રજૂઆત કરનાર : શ્રી પી.એલ.પટેલ ઇન્ચાર્જ કાર્યપાલક ઈજનેર અને તેમની સાથે શ્રી આર.કે. પંડ્યા અધિક્ષક હિસાબનીશ, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, રાજકોટ ગ્રામ્ય

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (ટેકનીકલ) - શ્રી એન. જી. કારિયા

૩) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩.૦૩.૨૦૨૩ (સોમવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, પારડી પેટા વિભાગે કચેરી ખાતે અરજદારે તા.૦૧.૦૨.૨૦૨૩ ના રોજ ટેમ્પરરી વીજજોડાણની અરજી કરેલ છે જેના **SR No. 15837073** છે, જે અન્વયે તેઓને આશરે ૩૦ દિવસ સુધી અંદાજપત્ર મળેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી શ્રીનાથ એન્ટરપ્રાઈઝ, મુ. કાંગશીયાળી દ્વારા પારડી પેટાવિભાગીય કચેરીમાં ટેમ્પરરી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ હતી જે અન્વયે અરજદારને તા.૦૨-૦૩-૨૦૨૩ ના રોજ અંદાજપત્ર ઇસ્યુ કરી આપેલ છે, જે અરજદાર દ્વારા તા.૦૩-૦૩-૨૦૨૩ ના રોજ રૂ.૧,૩૦,૦૦૦=૦૦ ભરપાઈ કરી આપેલ છે.

આમ, પીજીવીસીએલ દ્વારા અરજદારની ફરિયાદનું નિરાકરણ કરી આપતા અરજદારને કોઈ ફરિયાદ રહેતી ન હોવા અંગે લેખિત સમાધાનપત્ર તા.૧૦.૦૩.૨૦૨૩ થી આપેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારે તા.૧૦.૦૨.૨૦૨૩ ના રોજ ટેમ્પરરી વીજજોડાણ માટે **SR No. 15837073** થી રસીદ નં – **RW 681477** થી રૂ.૧૧૮=૦૦ ભરપાઈ કરીને અરજીની નોંધણી કરેલ છે, જે અન્વયે આશરે દિવસ-૩૦ સુધી અંદાજપત્ર મળવાથી અરજદારે અત્રેના ફોરમમાં રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદાર ફરિયાદ અન્વયે પીજીવીસીએલ દ્વારા રજુ કરેલ લેખિત રજૂઆત મુજબ સ્પષ્ટ થાય છે કે અરજદારના ટેમ્પરરી વીજજોડાણની નોંધણી તા.૧૦.૦૨.૨૦૨૩ ના રોજ થયેલ છે, જ્યારે પીજીવીસીએલ દ્વારા અરજદારને એસ્ટીમેટ ૨૦ દિવસ બાદ અપાયેલ હોવાની રજૂઆત કરેલ છે, જે વિલંબિત કાર્યવાહી થયેલ જણાય છે, જેથી સદર પ્રકારની ભૂલનું પુનરાવર્તન ભવિષ્યમાં ન થાય તેની તકેદારી રાખવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૦ મુજબ અરજદાર ની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોવાથી અરજદાર દ્વારા સમાધાન પત્ર તા.૧૦.૦૩.૨૦૨૩ માં સહી કરી આપેલ છે. આમ, સદર કેસમાં ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

૪.૪ આ સાથે અરજદારની અરજી દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |